# અધ્યાય ૧૬

## બ્રહ્મજ્ઞાન-કથન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં બ્રહ્મજ્ઞાન સત્વર પ્રાપ્ત કરવા એક શ્રીમંત માણસ બાબા પાસે એકવાર આવ્યો હતો તે કથા વર્ણવી છે.

**ઉપોદ્‌ઘાત :** ચોળકરનાં સામાન્ય નૈવેદ્ય-પ્રતિજ્ઞા બાબાએ પૂરાં કરીને તેનો કેમ સ્વીકાર કર્યો તે કથા ગયા અધ્યાયમાં આપણે સાંભળી છે. આ કથામાં બાબાએ દર્શાવ્યું છે કે પ્રેમભક્તિથી અર્પણ થયેલી ગમે તેવી સામાન્ય ચીજનો પણ પોતે પ્રેમથી સ્વીકાર કરતા હતા. પણ અહંકાર કે હુંપદથી અર્પણ થયેલી વસ્તુ બાબા પાછી આપી દેતા હતા. બાબા પોતે જ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાથી તેમને બાહ્ય વિવેકની કંઈ પડી નહોતી. નમ્ર ભાવથી અર્પણ થયેલું નૈવેદ્ય બાબા આવકારતા અને પોતે પ્રેમ તથા આનંદથી તેનો સ્વીકાર કરતા હતા. શ્રી સાઈબાબા જેવા સાચા ઉદ્ધાર ઉપકારક સદ્‌ગુરુ તો જવલ્લે જ હશે. તેમને ચિંતામણિ, કલ્પતરુ કે કામધેનુ જોડે પણ સરખાવી શકાય તેમ નથી. બાબા તો તેનાથી પણ ચઢે છે, કેમ કે આ બધા તો તેમની પાસે ઇચ્છેલી વસ્તુ જ આપે છે પણ સદ્‌ગુરુ તો વણચિંતવેલી અલભ્ય વસ્તુનું આપણને દાન કરે છે. એક શ્રીમંત માણસે બાબા પાસે આવી બ્રહ્મજ્ઞાન દેવા સારુ વિનંતી કરી તો તેને બાબાએ કેવો પાઠ ભણાવ્યો હતો તે કથા હવે સાંભળો.

એક શ્રીમંત માણસ ભારે ધન-સંપત્તિવાળો હતો. (કમભાગ્યે તેનાં નામઠામ નોંધેલાં મળતાં નથી !) વાડી, ખેતર, ઇમારત, ધનનો તે માલિક હતો. તેની પાસે ઘણા નોકરો તથા આશ્રિતો હતા. શ્રી સાઈબાબાની કીર્તિ સાંભળીને તેણે એક મિત્રને કહ્યું : ''મારે કોઈ ચીજની કમી નથી. મારે ત્યાં બધું જ છે. હવે મારે બ્રહ્મજ્ઞાનની જરૂર છે. તે મળે તો બાબા પાસે જઈને હું બ્રહ્મજ્ઞાન લઈ આવું. તો મારું સુખ સંપૂર્ણ બને.'' મિત્રે તેને અટકાવતાં કહ્યું: ''બ્રહ્મ જાણવા કંઈ સહેલું નથી અને તેમાં પણ તારા જેવા સદા ધન-સ્ત્રી-બાળબચ્ચાંમાં મગ્ન રહેનાર લોભી માણસ માટે તો એ શક્ય જ નથી. તું એક

પાઈની પણ કદી સખાવત કરતો નથી. તેવા માણસની બ્રહ્મજિજ્ઞાસા કોણ પૂરી કરવાનું હતું ?''

મિત્રની આ સલાહ પર તેમણે કંઈ ધ્યાન ન આપ્યું. શિરડી જવા-આવવાનો તેણે એક ટાંગો ભાડે કર્યો અને શિરડી પહોંચી મસીદમાં આવી બાબાનાં દર્શન કરીને પગમાં પડી તેણે કહ્યું: ''બાબા, આપ અહીં આવનારને સત્વર બ્રહ્મદર્શન કરાવો છો એવું સાંભળીને હું આપની પાસે આવ્યો છું. લાંબી મુસાફરીથી હું થાકી ગયો છું. માટે આપની પાસેથી મને બ્રહ્મજ્ઞાન મળે તો મારી અહીં આવવાની મહેનતનો બદલો મળી રહેશે.'' બાબાએ ઉત્તર આપ્યો: ''મારા વહાલા ભાઈ, તું ચિંતા શા માટે કરે છે ? હમણાં જ હું તને બ્રહ્મદર્શન કરાવું છું. મારો તો હિસાબ જ બધો રોકડિયો છે. હું કંઈ ઉધાર રાખતો જ નથી. મારા પાસે ઘણા માણસો આવે છે અને તે બધા તો ધન-માન-પદવી-સત્તા-આરોગ્ય-રોગનિવારણ અને એવા એવા સંસારી શ્રેયને પોતે માગ્યા કરે છે. પણ મારા પાસે આમ બ્રહ્મજ્ઞાનની માંગણી કરનારા તો કોઈ વિરલા જ આવે છે. સંસારી પદાર્થ માંગનારા કંઈ ઓછા નથી. પણ આવા દૈવી ભાવમાં રસ લેનારા તો મને જવલ્લે જ મળે છે. તારા જેવા બ્રહ્મજ્ઞાન માંગનાર મળે છે તેને હું ભાગ્યવંત શુભ શકુન જ ગણું છું. માટે હું તને હમણાં જ બ્રહ્મદર્શન કરાવું છું.''

આટલું બોલી બાબાએ બ્રહ્મદર્શનની તૈયારી કરી. એ ગૃહસ્થને પાસે બેસાડી કંઈક વાતોમાં ચડાવી તાત્કાલિક તો તેને એ પ્રશ્ન ભૂલાવી દીધો. પછી એક છોકરાને બોલાવીને બાબાએ કહ્યું: ''જા, નંદકુમાર મારવાડી પાસે જઈને મારા માટે તેની પાસેથી પાંચ રૂપિયા ઉછીના લઈ આવ.'' છોકરો એ મારવાડી પાસે જઈને પાછો આવ્યો અને કહ્યું: ''બાબા, નંદુ તો ઘેર નથી. તેને ઘેર તો તાળું છે.'' ત્યારે વળી બાબાએ તેને કહ્યું: ''ત્યારે તું બાલા ગાંધીને ત્યાં જઈને મારા માટે પાંચ રૂપિયા ઉછીના લઈ આવ.'' વળી છોકરો બાલાના ઘેર જઈને પણ ખાલી હાથે પાછો આવ્યો. આમ આ પ્રયોગ બાબાએ બે-ત્રણ વાર કરી જોયો.

આપણે જાણીએ છીએ કે સાઈબાબા હાલતા-ચાલતા જીવંત બ્રહ્મનો અવતાર હતા. તો કોઈ પ્રશ્ન કરશે કે પાંચ રૂપિયા જેવી નજીવી રકમની તેમને શી જરૂર પડી હતી ? ખરી રીતે તો બાબાને આવી કોઈ રકમની જરૂર જ નહોતી. વળી નંદુ મારવાડી તથા બાલો ગાંધી ઘેર નથી એ વાતની પણ તેમને



પૂરેપૂરી ખબર હતી. પણ પેલા બ્રહ્મજિજ્ઞાસુની કસોટી માટે જ તેમણે આ પદ્ધતિ અખત્યાર કરેલી લાગે છે. એ ગૃહસ્થના ખિસ્સામાં રૂપિયાની નોટોનું બંડલ હતું. તેથી જો તે સાચો જિજ્ઞાસુ હોત તો બાબા પોતાના માટે પાંચ રૂપિયા ઉછીના મંગાવવા પેલા છોકરા મારફત પ્રયત્ન કરતા હતા તે સર્વ જોઈ-સાંભળીને બેસી ન રહેતો. તે જાણતો હતો કે બાબા વચન પાળે છે તથા ઉછીની લીધેલી રકમ પાછી દે છે. વળી આ તો પાંચ જ રૂપિયા જેવી નજીવી રકમ હતી. એ સમજ્યા છતાં તેણે ખિસ્સામાંથી કાઢીને બાબાને પાંચ રૂપિયા આપ્યા નહિ. આવા માણસને બ્રહ્મજ્ઞાન જેવી અતિ ભારે કિંમતી વસ્તુ બાબા પાસેથી લેવી હતી ! બાબા પર સાચો પ્રેમ રાખનાર કોઈ પણ માણસ આમ દ્રષ્ટા બનીને બેસી રહેવાને બદલે તરત જ ખિસ્સામાંથી કાઢીને બાબાને પાંચ રૂપિયા આપવાનો જ. પણ આ માણસ એવો નહોતો. તેણે પાંચ રૂપિયા તો કાઢી આપ્યા નહિ પણ તે છાનોમાનો બેસી પણ રહ્યો નહિ. ઘેર પાછા વળવાની ઉતાવળ હતી. તેથી અધીરો બનીને બાબાને વિનવવા લાગ્યો: ''અરે બાબા, આપ મને જલદી બ્રહ્મદર્શન કરાવો.'' બાબાએ ઉત્તર દીધો: ''અરે ભાઈ, તને બ્રહ્મદર્શન કરાવવા માટે જ હું આ બધી મહેનત કરી રહ્યો છું. તું અહીં બેઠો છે છતાં તું કંઈ સમજ્યો નહિ ? જો ટૂંકમાં તને કહું. વાત એમ છે કે બ્રહ્મદર્શન કરવા માટે માણસે પાંચ વસ્તુ મને અર્પણ કરવી પડે છે: ૧) પાંચ પ્રાણ, ૨) પાંચ કર્મેન્દ્રિય તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો, ૩) મન, ૪) બુદ્ધિ, ૫) અહંકાર. આત્મદર્શન અર્થાત્ બ્રહ્મજ્ઞાનનો આ માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ છે. તેના પર ચાલવું કંઈ સહેલું નથી.''

એ પછી શ્રી સાઈબાબાએ એ વિષય પર જે વિવેચન કર્યું હતું તેનો સાર હવે પછીના અધ્યાયમાં આપવામાં આવ્યો છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'બ્રહ્મજ્ઞાન કથનં' નામ**
**સોળમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**